પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૭ | ૭ જુલાઈ, ૨૦૧૯, રવિવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કર્ણાટક સરકાર સામે સંકટના વાદળો

**કોંગ્રેસ-જેડીએસનાં ૧૧ ધારાસભ્યોના રાજીનામાં : આ ધારાસભ્યોમાં આઠ કોંગ્રેસ અને ત્રણ જેડીએસના છે : મુખ્યમંત્રી કુમારસ્વામી અમેરિકાના પ્રવાસ પર છે, ૨૨૪ વિધાનસભા સીટો વાળા કર્ણાટકમાં ભાજપના ૧૦૫, કોંગ્રેસના ૭૮ અને જેડીએસના ૩૭ ધારાસભ્ય છે : કેન્દ્રીય મંત્રી સદાનંદ ગૌડાએ કહ્યું- રાજ્યપાલ બોલાવે છે, તો અમે સરકાર બનાવવા તૈયાર છે**



બેંગલુરુ,તા.૬

કર્ણાટકમાં જેડીએસ અને કોંગ્રેસની ગઠબંધન સરકાર ગંભીર સંકટમાં આવી ગઈ છે. જેડીએસ-કોંગ્રેસની ગઠબંધન સરકારમાંથી ૧૧ ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષ રમેશ કુમારની ઓફિસે પહોંચીને પોતાના રાજીનામા સોંપી દીધા છે. આ ધારાસભ્યોમાં આઠ કોંગ્રેસ અને ત્રણ જેડીએસના છે. રાજીનામું આપવા પહોંચેલા રામલિંગા રેડ્ડી અને બીસી પાટિલનું નામ સામે આવી રહ્યું છે. કર્ણાટક સરકાર પર એવા સમયે આ મુશ્કેલી આવી પડી છે જ્યારે મુખ્યમંત્રી કુમારસ્વામી અમેરિકાના પ્રવાસ પર છે.

રાજીનામું આપવા પહોંચેલા કોંગ્રેસ ધારાસભ્ય રામલિંગા રેડ્ડીએ કહ્યું કે હું વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું આપવા માટે આવ્યો છું. હું મારી દીકરી અને કોંગ્રેસ ધારાસભ્ય વિશે કંઈ નથી જાણતો. તે એક સ્વતંત્ર મહિલા છે. હું પાર્ટી કે હાઈકમાન્ડ પર કોઈ પ્રકારના આરોપ નથી લગાવી રહ્યો. મને એવું લાગી રહ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી મને નજરઅંદાજ કરવામાં આવી રહ્યો હતો. આ જ કારણસર મેં રાજીનામું આપ્યું છે.

રાજયના નાયબ મુખ્યમંત્રી જી પરમેશ્વર અને ડી કે શિવકુમારે બેંગલુરુમાં ધારાસભ્યોની બેઠક બોલાવી છે. શિવકુમારે કહ્યું કે કોઈ રાજીનામું આપશે નહિ. હું આ ધારાસભ્યોને મળવા જઈ રહ્યો છું.

રાજીનામું આપનારાઓ ધારાસભ્યોની યાદીમાં બીસી પાટિલ, નારાયણ ગૌડા, શિવરામ હેબ્બર, મહેશ કુમાથલ્લી, ગોપાલૈયા, રમેશ જરકિહોલી અને પ્રતાપ ગૌડા પાટિલનો સમાવેશ થાય છે. વિધાનસભા સ્પીકર રમેશ કુમારે પણ ૧૧

● અનુસંધાન પાન-૭ પર

# ધોની હમેંશા તેના કેપ્ટન તરીકે જ રહેશે : કોહલી

**ધોનીના જન્મદિવસ પહેલા ક્રિકેટરો દ્વારા પ્રશંસા : ધોનીની બરોબરી કોઈ પણ કરી શકે નહીં : બેન સ્ટોક્સ**



નવી દિલ્હી,તા. ૬

ભારતીય વિકેટકીપર બેસ્ટમેન મહેન્દ્રસિંહ ધોની આવતીકાલે સાતમી જુલાઈના દિવસે પોતાના ૩૮માં જન્મદિવસની ઉજવણી કરનાર છે. ધોનીના જન્મદિવસના એક દિવસ પહેલા આઈસીસીએ પણ ધોનીની પ્રશંસા કરી છે. તેનુ કહેવુ છે કે, ધોની એ ખેલાડી છે જેના કારણે ભારતીય ક્રિકેટનો ચહેરો બદલાઈ ગયો છે. ધોનીના જ કારણે ભારતે એક પછી એક મોટી સ્પર્ધા જીતી છે. ધોનીએ પોતાની કેપ્ટનશીપ હેઠળ ભારતને મોટી સફળતાઓ અપાવી છે. ધોનીએ આઈસીસી ૫૦ ઓવરમાં વર્લ્ડ કપ, ટી-૨૦ વર્લ્ડ કપ, ચેમ્પિયન ટ્રોફી ભારતને જીતાડવામાં ભૂમિકા ભજવી છે. ધોનીની કેપ્ટનશીપ હેઠળ ભારતે ટેસ્ટ અને વનડેમાં પ્રથમ ક્રમ ઉપર પહોંચવામાં સફળતા મેળવી છે. ધોનીના નેતૃત્વમાં જ ચેન્નઈ સુપરે ત્રણ વખત આઈપીએલ જીતવામાં સફળતા મેળવી છે. આઈસીસી તરફથી એક વિડિયો જારી કરવામાં આવ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, ધોની એક એવા નામ તરીકે છે જે દુનિયાભરમાં લાખો લોકો માટે પ્રેરણા સ્વરૂપ છે. ધોની માત્ર એક નામ નથી પરંતુ પ્રેરણા રૂપ

● અનુસંધાન પાન-૭ પર

# દેશને ૫ ટ્રિલિયન ડોલરનુ અર્થતંત્ર બનાવાશે : મોદી

**વડાપ્રધાન બન્યા બાદ મોદી પ્રથમ વખત વારાણસી પહોંચ્યા : હવે સપના તેમજ સંભાવનાની વાત થાય છે : અર્થતંત્રના કદને વધારે મજબુત કરવાથી લાભ પણ વધુ : ભારત સૌથી યુવા દેશ હોવાથી લક્ષ્યાંક મુશ્કેલ નથી**



વારાણસી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીમાં ભાજપના સભ્ય અભિયાનની વિધિવત રીતે શરૂઆત કરાવી હતી. સભ્ય અભિયાનની શરૂઆત કરાવતા મોદીએ દેશને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાની ફરી એકવાર વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, હવે દેશ વિકસિત થવા માટે વધારે રાહ જોઈ શકે તેમ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, સપના અને સંભાવનનાઓ ઉપર વાત થઈ રહી છે. આ તમામ સપનાઓ પૈકી એક સપનુ પાંચ ટ્રિલિયન ડોલર એટલે કે પાંચ લાખ કરોડ રૂપિયાનુ અર્થતંત્ર બનાવવા માટેનુ પણ છે. બીજા શબ્દોમાં કહેવામા આવે તો અમે ભારતનુ અર્થતંત્ર બે ગણુ કરવા ઈચ્છીએ છીએ. પરંતુ વાસ્તવિકતા એ છે કે, આજે તેઓ જે લક્ષ્યની વાત કરી રહ્યા છે. તે તમામ લોકોને વિચારવા માટે મજબુર કરશે. નવા લક્ષ્ય, નવા સપનાઓને લઈને આગળ વધીએ છીએ. આજ એક મુક્તિ માટેનો માર્ગ રહેલો છે. મોદીએ અંગ્રેજી કહેવત સાઈઝ ઓફ દ કેક મેટર્સનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કેકનુ કદ જેટલુ મોટુ રહેશે તેટલા પ્રમાણમાં વધુ લોકોને હિસ્સો મળી શકશે. આ જ કારણસર અમે અર્થતંત્રના કદને પણ વધુ વિસ્તૃત કરવાની વાત કરી રહ્યા છે. સિધી વાત એ છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### વૈશ્વિક વારસામાં જયપુર સામેલ

ઐતિહાસિક ઈમારતો ધરાવતા રાજસ્થાનના જયપુરને યુનેસ્કો દ્વારા વૈશ્વિક વારસામાં સ્થાન મળ્યુ છે. યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિની અઝરબૈજાનના બાકુમાં યોજાઈ રહેલી ૪૩મી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. પ્રધાનમંત્રી મોદીએ આ નિર્ણયનુ સ્વાગત કરી ટ્વીટ કર્યુ છે.

### ગૃહમંત્રી તેલંગાણાની મુલાકાતે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેલંગાણાની મુલાકાતે પહોંચ્યા છે. તેઓ પાર્ટી સદસ્યતા અભિયાનના ઉદ્ઘાટન માટે હૈદરાબાદ પહોંચ્યા છે. તેઓ અહી કાર્યક્રમ બાદ રંગારેડ્ડી જિલ્લાની મુલાકાત લઈ આદિવાસીઓને મળશે.

### રાહુલ ગાંધીને જામીન

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને માનહાનીના મામલે પટના કોર્ટે જામીન આપ્યા છે. રાહુલ ગાંધી વિરૂદ્ધ બિહારના ઉપ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો.

### સીબીઆઈના એડિશનલ ડાયરેક્ટરને હટાવાયા

સીબીઆઈના એડિશનલ ડાયરેક્ટર નાગેશ્વર રાવને દેશની પ્રતિષ્ઠિત તપાસ એજન્સીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તેમને ફાયર સર્વિસીસ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના નિયામકપદે જોડાવવાનો આદેશ અપાયો છે.

### કેલીફોર્નિયામાં ૭.૧ની તિવ્રતાનો ભૂકંપ

અમેરિકાના દક્ષિણ કોલિફોર્નિયામાં ૭.૧ની તીવ્રતાનો ધરતીકંપનો આંચકો આવ્યો છે. આ આંચકા બાદ ૧૪૦૦ આફટર શોક નોંધાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ લોસ એન્જલ્સથી ૧૫૦ માઈલ દૂર છે.








